ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુત્તમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૪ ટકા

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




લો આ, ટીફીન, પાણીની બોટલ
અને આ ઓક્સિજનની બોટલ...

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વાઘેલા મહેન્દ્રસિંહ જીવનજી, ઉ.વ. ૫૫, સરગાસણ
- સ્વ. વાઘેલા લક્ષ્મીબેન ભીમાભાઈ, ઉ.વ. ૫૬, ધોળાકુવા
- સ્વ. સોલંકી શાન્તાબેન રમેશભાઈ, ઉ.વ. ૪૭, સેક્ટર-૨૫
- સ્વ. પંચોલી અરૂણાબેન જીતેન્દ્રભાઈ, ઉ.વ. ૮૦, વાવોલ
- સ્વ. શાહ રમીલાબેન નવનીતલાલ, ઉ.વ. ૭૪, સેક્ટર-૭

# ઓક્સિજનની ખોટ પુરી કરવા આજોલના દાતાનું રૂપિયા પાંચ લાખનું દાન..!!

ગાંધીનગર તા. ૨૨
'જનની જણે તો જણજે કાં દાતા કાં શૂર,
નહીંતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.'
આ ઉક્તિને ગાંધીનગરના માણસા તાલુકાના આજોલ ગામના દાતા જે.એસ.પટેલ દર્દીઓને ઓક્સિજન પુરવઠો મળી રહે તે માટે મદદે આવ્યા છે. અત્યારે હોસ્પિટલોમાં દર્દીઓના જીવન શરૂ કરવામાં આવી રહ્યો છે અને તેના માટે માણસા તાલુકાના આજોલ ગામના અગ્રણી તેમજ ભામાશા સમાન દાતા જે.એસ.પટેલ દ્વારા જિલ્લા કલેક્ટરને રૂ. ૫ લાખના દાનનો ચેક અર્પણ કરવામાં આવ્યો

**કોલવડા ખાતે નિર્મિત થઇ રહેલા ઓક્સિજન પ્લાન્ટ માટે ગાંધીનગર જિલ્લાના આજોલના જે.એસ.પટેલે કલેક્ટરને દાનનો ચેક અર્પણ કર્યો**

આજોલ ગામના એક દાતાએ ચરિતાર્થ કરી દેખાડી છે. નોવેલ કોરોના વાયરસના સંક્રમણની બીજી લહેરમાં દર્દીઓની સંખ્યા ખૂબ વધી છે તે સાથે સાથે દર્દીઓને ઓક્સિજનની જરૂર વધુ પડી રહી છે જેને કારણે ચોતરફ ઓક્સિજનની માંગ ખૂબ વધી જવા પામી છે. આ સ્થિતિમાં દાવ પર લાગેલા છે ત્યારે ઓક્સિજનની ઉણપ પુરી કરવા તેમણે રૂપિયા પાંચ લાખનું માતબર દાન આપી પોતાની અજોડ સેવાકીય ભાવનાના દર્શન કરાવ્યાં છે. પ્રવર્તમાન કોરોના મહામારીમાં સમસ્યા બનેલી ઓક્સિજનની ઉણપ નિવારવા ગાંધીનગરના કોલવડા ખાતે ઓકિસજન પ્લાન્ટ છે. જે.એસ.પટેલે સેવાના મહાયજ્ઞમાં મહા સમર્પણ કર્યું છે તેમજ કોરોના મહામારીમાં દર્દીઓની કપરા સમયે મહમૂલી મદદ કરી પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે.એસ.પટેલ માણસા તાલુકાના આજોલ ગામના વતની હોવા સાથે તેઓ અમદાવાદના ૪૮ ગામ પટેલ સમાજના પ્રમુખ પણ છે. આ સાથે તેઓ માણસા તાલુકા પંચાયત તેમજ જીલ્લા પંચાયતના ચુંટણી ઈન્ચાર્જ પણ રહી ચૂક્યા છે. જિલ્લાના અગ્રણીઓએ જે.એસ.પટેલને 'જન સેવા એજ પ્રભુ સેવા' તેવા ઉદ્દેશથી કરવામાં આવેલા દાનને આવકારી તેઓના સેવા કાર્યને બિરદાવ્યું છે.



## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરના સે. ૨૩ માં જ ૬૫ ટકા વસાહતીઓ સિનીયર સીટીઝન્સ હોવાથી તાત્કાલિક સેનીટાઈઝેશન કરવા કાઉન્સીલર નીલાબેન શુક્લાએ કમિશનરને પત્ર લખ્યો છે. આ સેક્ટરમાં કેસો પણ વધ્યા છે તેથી અગ્રતા આપવા તેમણે કહ્યુ છે.

● કલોલ તાલુકા આયોજન સમિતિની આજે બપોરે બેઠક મળી હતી.

● ઉમા-નાથીબા કોલેજના અધ્યાપિકા હેતલ રાવલ કોરોનાથી સંક્રમિત થયા છે.

● ધો. ૩ થી ૮ ની સામયિક કસોટી મોકૂફ રાખવામાં આવી છે. ૨૭ અને ૨૮ એપ્રિલે આ કસોટી યોજાવાની હતી.

● ઘઉંની ટેકાના ભાવે સરકાર દ્વારા કરાતી ખરીદી ૧૦ મે સુધી સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે.


● આજે રાજ્યના મુખ્ય સચિવે જિલ્લાઓમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ અંગે સમીક્ષા વિડીયો કોન્ફરન્સથી કરી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોવિડ-૧૯ના વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી ઘરે ઘરે બિલ વિતરણ કરવાની કામગીરી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

● સ્ટાફ ટ્રેનીંગ કોલેજમાં વર્ક આસિ. તરીકે ફરજો બજાવતા મહેન્દ્રસિંહ જે. ચૌહાણનું કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે.

# વિશ્વ પૃથ્વી દિન નિમિતે ગુજરાત સાયન્સ સિટી ખાતે વેબીનાર યોજાયો

ગાંધીનગર તા. ૨૨
ગુજરાત સાયન્સ સિટી દ્વારા આજે તા.૨૨ એપ્રિલ 'વિશ્વ પૃથ્વી દિવસ' નિમિતે ખાસ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં એમજી સાયન્સ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદના જીઓલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.પારસ એમ સોલંકીએ 'રિસ્ટોર ધ અર્થ' અંતર્ગત મહત્વની જાણકારી આપી હતી. દર વર્ષે ૨૨ એપ્રિલે અર્થ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ 'રિસ્ટોર ધ અર્થ' રાખવામાં આવી હતી. ડો. સોલંકીએ વર્લ્ડ અર્થ ડે નિમિતે ઈકો ફ્રેંડલી પ્રેક્ટિસ દ્વારા મધર અર્થના સંવર્ધન માટે પ્રતિજ્ઞા લેવા લોકોને પ્રોત્સાહિત કર્યા. તેમણે ઉમેર્યુ હતું કે ''આપણા આજના અસરકાર પ્રયત્નો ભવિષ્ય માટે પર્યાવરણ સંવર્ધન માટે ઉપયોગી નીવડશે.'' સ્વચ્છતા જાળવી હરિયાળી રાખવા પર તેમણે ભાર મૂક્યો હતો અને વેબીનારના અંતમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, ખોરાકનો બગાડ અટકાવવા સાથે વધુમાં વધુ વૃક્ષો વાવવાનું જણાવ્યુ હતું.




# વાવોલ ગામેથી ૮ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૨
વાવોલ ગામના બળીયાદેવ મંદિર નજીક ચરેડીવાસમાંથી જુગાર રમી રહેલા ૮ શકુનીઓને એલસીબી પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૨૧,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ ૮ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ દારૂ-જુગારની પ્રવૃતિઓને ડામી દેવા માટે સજજ હતી. ત્યારે કોન્સ્ટેબલ અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે વાવોલમાં ચરેડી વાસમાં રહેતા ઘનશ્યામસિંહ હેમતુજી ગોલ પોતાના રહેણાંક મકાનમાં જુગારધામ ચાલાવે છે. જેથી પોલીસે રાત્રીના સમયે રેઈડ પાડી હતી. જેમાં જુગારધામ ચલાવતા ઘનશ્યામસિંહ ગોલ, સહિત વાવોલમાં રહેતા વિપુલસિંહ બનુજી ગોલ, શંકરસિંહ રજુજી ગોલ, નરેન્દ્રસિંહ વિજયસિંહ ગોલ, સતિષ અમરસિંહ ગોહિલ, પ્રકાશસિંહ લાલસિંહ ગોલ તેમજ જીતેન્દ્રસિંહ કચરાજી ગોલ તેમજ સેકટર-૧૫ ખાતે રહેતો કનુભાઈ રાવળ ઉં.૨૬ જુગાર રંગેહાથ પકડાયા હતા. પોલીસે દાવ પરથી અને અંગઝડતી દરમિયાન રૂ.૨૧,૪૦૦ મળી આવ્યા હતા. એલસીબી પોલીસે ૮ શખ્સો સામે સેકટર-૭ માં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




# માસ્કના દંડની રકમ ભરવા અંગે પિતા-પુત્રએ બુમાબુમ કરી

ગાંધીનગર,તા.૨૨
માસ્કના દંડ અંગે સેકટર-૨૬ માં રહેતા પિતા-પુત્રએ પોલીસ સાથે બોલાચાલી કરી હોહા કરતા ગુનો નોંધાયો છે. સેકટર-૨૧ પોલીસ મથકની ટીમ પેટ્રોલીંગમા હતી. તે દમિયાન સેકટર-૨૪ માર્કેટ ખાતે આવેલા મોર્ડન મોબાઈલ રીંપેરીંગ નામની દુકાન ચલાવતા વ્યકિત માસ્ક વિના બેઠા હતા. જેથી પોલીસે તેમનુ નામ પુછતા તેઓએ રાજેશકુમાર મોહનભાઈ જયસ્વાલ (ઉં.૪૮ પ્લોટ નં.૪૮૨-૧સેકટર-૨૬) હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પોલીસે તેમને દંડ ભરવાનું કહેતા તેઓએ ના પાડી જે કરવુ હોય તે કરી લો . જેને પગલે પોલીસ તેઓને સેકટર-૨૩ ચોકી ખાતે લઈ ગયા હતા. પોલીસ તંત્ર દ્વારા તેમની સામે ગુનો નોંધવાની કામગીરી ચાલી રહી હતી.તે દરમિયાન અચાનક એક શખ્સ ચોકી ખાતે આવ્યો હતો.મારા પિતાનો કયો પોલીસવાળો અહી પકડી લાવ્યો છે. હું તેને જોઈ લઈશ. કહી હોહા મચાવી હતી.જેને પગલે પોલીસે માસ્ક ન પહેરવા અંગેની વાત કરીને શાંત પાડવાનો પ્રયત્ન કરતા યુવકે પોલીસને કોલર પકડીને ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ સમયે યુવકના પિતા પણ પોલીસ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેથી પોલીસે બંન્ને પિતા પુત્રીને ગાડીમાં બેસાડીને સેકટર-૨૧ પોલીસ મથકે લઈ આવી હતી. પોલીસે યુવકનું નામ પુછતા તે સ્મિત જયસ્વાલ હોવાનું સામે આવ્યું હતું. જયારે પિતા-પુત્ર સામે મહામારી અધિનિયમ પોલીસ ફરજમાં રૂકાવટ અને ઝપાઝપી કરવા સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કૃભકોનું ૧ કરોડ રૂપિયાનું યોગદાન અને કોરોના સામે લડવા માટે ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના કરશે

કૃભકોનું ગુજરાતના મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાં એક કરોડ રૂપિયાનું યોગદાન અને કોરોના સામે લડવા માટે હજીરા-સુરત અને શાહજહાંપુર, ઉત્તર પ્રદેશમાં ઓકિસજન ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના કરશે

કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડ (કૃભકો) એ ભારતની એક અગ્રણી સંસ્થા છે જેનું ખાતર ઉત્પાદન એકમ સુરતના હજીરા ખાતે છે. કૃભકો કોઈપણ આફત સમયે રાષ્ટ્રની મદદ કરવા હંમેશા આગળ હોય છે. એક વર્ષથી વધુ સમય સુધી, COVTD -19 રોગચાળાને લીધે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર માનવતા અભૂતપૂર્વ કસોટીથી પસાર થઈ રહી છે.





આપણું રાષ્ટ્ર રોગચાળાના બીજા મોજાથી હાલમાં ભારે અસરગ્રસ્ત છે. મુકેલીને હટાવવા અને રોગચાળાને પડકારવા ડો.ચંદ્રપાલ સિંહ, માજી. સંસદ સભ્ય અને અધ્યક્ષ, કૃભકો તેના કર્મચારીઓના યોગદાન દ્વારા ૨૦.૦૪.૨૦૨૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી રાહત ભંડોળમાં રૂ .૧.૦૦ કરોડની ફાળવણી કરી છે અને આ ચેક ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને સોંપ્યો હતો જ્યાં શ્રી દિલીપ સંઘાણી, માજી. સંસદ સભ્ય અને પ્રમુખ, એનસીયુઆઈ અને શ્રી પરેશભાઈ પટેલ, કૃભકોના ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

બીજું, COVTD -19 અસરગ્રસ્ત લોકોને મદદ માટે હોસ્પિટલોમાં મેડિકલ ગ્રેડ ઓક્સિજનની તીવ્ર અછતને ધ્યાનમાં લેતા, કૃભકોએ તેના હજીરા યુનિટમાં ઓક્સિજન ઉત્પાદન સુવિધા સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે અને તે પ્રક્રિયા સ્થાપનાના અગ્રિમ તબક્કામાં છે. આ મેડિકલ ગ્રેડ ઓક્સિજન પ્લાન્ટની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૧૦૦ ડી-પ્રકારનું ઓક્સિજન સિલિન્ડર હશે. એક પખવાડિયામાં પ્લાન્ટ કાર્યરત થઈ જશે. ઓક્સિજન સિલિન્ડર સરકારી હોસ્પિટલો અને અન્ય જરૂરીયાતમંદ હોસ્પિટલોમાં વિના મૂલ્ય પૂરા પાડવામાં આવશે. આ રોગચાળાના સમયમાં તબીબી ઓક્સિજનની અછતની મુશ્કેલીને ઘટાડવામાં મદદ કરશે.

ઉત્તર પ્રદેશના શાહજહાનપુર ખાતે કૃભકો ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (કેએફએલ) દ્વારા કૃભકોની ૧૦૦% પેટાકંપની પણ આ જ પ્લાન્ટની સ્થાપના કરી રહી છે, જે આગામી ૨૧ દિવસની અંદર વિવિધ હોસ્પિટલોમાં વિના મૂલ્ય ઓક્સિજનની આપૂર્તિ શરૂ કરશે.

# દહેગામ ખાતે બપોરે ૨ વાગ્યા પછી સોમવાર સુધી બજાર બંધ રહેશે

ગાંધીનગર તા.૨૨
ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકા સત્તાધીશો સહિત અન્ય વહીવટી તંત્ર અને વેપારીઓ વચ્ચે આજે એક બેઠક યોજાઈ હતી જેમાં હાલ અમલમાં રહેલ આંશિક લોકડાઉનની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ દહેગામ ખાતે આવતી કાલે તા.૨૩ ના રોજ બજારો બપોરે ૨ વાગ્યા સુધી જ ચાલું રહેશે જ્યારે તા. ૨૪, ૨૫ અને ૨૬ એપ્રિલ એટલે કે શનિ, રવિ અને સોમવારે દહેગામ ખાતે બજારો, તમામ વ્યાપાર ધંધા સંપૂર્ણપણે બંધ રહેશે. જેમાં શાકભાજીનો પણ સમાવેશ થાય છે. જોકે આ તમામ દિવસોએ દૂધ વિક્રેતાઓ અને મેડિકલ સ્ટોર્સ તેમજ દવાખાના હોસ્પિટલ રાબેતા મુજબ ચાલુ રાખી શકશે તેમ જણાવાયું છે. આ વ્યવસ્થા એ માત્ર કોરોનાની ચેઈન તોડવા એક હંગામી ધોરણે લાગુ કરાઈ છે. આ કોઈ કાયમી કે લાંબુ લોકડાઉન નથી. લોકો આ ત્રણ દિવસો દરમિયાન ઘરો માં રહે તે ખાસ જરૂરી છે આથી આ જાહેરાતને પગલે શાકભાજી કે કરીયાણું લેવા દોડાદોડ કરી ટોળાં એકઠા ન કરવા લોકોને તેમજ વેપારીઓને ખાસ અપીલ કરાઈ છે.



કોરોના સંક્રમણનો સૌથી કપરો કાળ ચાલી રહ્યો છે અને આ સમયમાં પોતાની જાતને સંક્રમણથી બચાવવા નાગરિકો ઘરની બહાર નીકળવાનું કે વેપાર-ધંધા પણ બંધ રાખવાનું ટાળી રહ્યાં છે. જો કે આ સમયમાં જે નાગરિકો પરિવાર સહિત સંક્રમિત છે તેમની હાલત કફોડી બની રહી છે કેમ કે તેમને ભોજનની વ્યવસ્થા એ સૌથી મોટી સમસ્યા બની રહે છે. આ સંજોગોમાં વાવોલ-કોલવડા વિસ્તારમાં કાર્યરત સેવાકીય સંસ્થા કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોનાગ્રસ્ત પરિવારોને વિનામૂલ્યે ટીફિન પુરા પાડવાની સેવા સંસ્થાના ટ્રસ્ટીઓ અંબુસિંહ ગોલ અને પ્રેમલસિંહ ગોલ દ્વારા પુરી પાડવામાં આવી રહી છે.




ગાંધીનગર જિલ્લામાં વધી રહેલ કોરોના વાયરસના કહેરમાં હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેસ ઝડપથી વધવા લાગ્યા છે ત્યારે ગામડાઓમાં વસવાટ કરતી જનતાના સ્વાસ્થ્યની ચિંતા કરીને તેમની રોગપ્રતિકારક શક્તિ વધે અને આ કોરોના મહામારીના કપરા સમયમાં પણ જનતા નિરોગી અને સ્વસ્થ રહી શકે તે હેતુથી ગુરૂવારથી આવતા રવિવાર સુધી સતત ચાર દિવસ માટે વેસ્ટર્ન એગ્રી સિડ્સના સહયોગથી દેવાંશી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા અને સોનીપુર ગામના સ્થાનીક સામાજિક કાર્યકર્તા નરેશ ઠાકોરના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળા વિતરણનું અભિયાન સોનીપુર ખાતે હાથ ધરવામાં આવ્યું છે. આ ઉકાળા વિતરણ દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈન્સ પ્રમાણે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે.

## દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ

કોરોના સામે લડવા રોગ પ્રતિકારક શક્તિ ખૂબ જ મહત્વનું પરિબળ છે, એટલા માટે શહેરની દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વેસ્ટર્ન એગ્રીસીડ્સ કંપનીના સહયોગથી શહેરના પથિકાશ્રમ એસડી ડેપો સર્કલ નજીક રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વૈદિક ઉકાળાના નિઃશુલ્ક વિતરણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રાહદારીઓ તથા વાહનચાલકોને પણ ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

**ઈ-ટેન્ડરીગ જાહેર નિવિદા**
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી |
|---|---|---|---|
| ૮૮/૨૦૨૦-૨૧ | Comprehensive Operation & Maintenance of all Electrical & Mechanical Equipments & Instruments with civil works and rising main of Vavol Sewage Pumping Station of GMC for One Year | રૂા. ૯૦૦/- | રૂા. ૧૯,૬૬૩/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૩/૦૪/૨૦૨૧ થી તા. ૧૩/૦૫/૨૦૨૧ સુધી સમય ૧૭.૦૦ કલાક સુધી ઓન લાઈન વેબ સાઈટ- www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડીના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા. ૧૪/૦૫/૨૦૨૧ થી ૨૦/૦૫/૨૦૨૧ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઈન ઓપનીંગ તા. ૨૧-૦૫-૨૦૨૧ કરવામાં આવશે.

માહિતી/૯૦/૨૧-૨૨
સહિ/-
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર

**ટેન્ડર જાહેર નિવિદા**
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ટેન્ડર ડોક્યુમેન્ટ નં. ૮૪/૨૦૨૦-૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ | Providing & Laying RCC Drainage Line at Randheja Village Under GMC Are. |
| અંદાજીત રકમ | રૂા.૪,૬૬,૮૦૧.૮૮ |
| ટેન્ડર ફી. | રૂા. ૬૦૦/- (ડી.ડી.માં) |
| ઈ.એમ.ડી | રૂા. ૪,૬૬૮/- (ડી.ડી.માં) |
| ટેન્ડર ઈસ્યુ કરવાનો | કચેરી સમયે તા. ૨૩/૦૪/૨૦૨૧ થી |
| સમય અને તારીખ | તા. ૨૯/૦૪/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | કચેરી સમયે તા. ૦૬/૦૫/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી (માત્ર આર.પી.એ.ડી /સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે) |
| ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ | તા. ૦૭/૦૫/૨૦૨૧, ૧૨.૦૦ કલાકે |
| બીડ વેલીડીટી | ૯૦ દિવસ |

અન્ય વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ નાયબ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફિ ભર્યેથી ઉપલબ્ધ કરવામાં આવશે.

માહિતી/૮૮/૨૧-૨૨
સહિ/-
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર